# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

યુનિવર્સિટી કેમ્પસ, રાજમહેલ રોડ, પાટણ–૩૮૪૨૬૫
ફોન નં.૦૨૭૬૬–૨૩૭૦૦, ઈ–મેઈલઃ www.ngu.ac.in

**પરિપત્ર:૯૭૪/૨૦૨૪**

આ યુનિવર્સિટી સંલગ્ન સ્નાતક/અનુ.સ્નાતક કક્ષાના વિભાગ/કોલેજો (ACPC તથા અન્ય કાઉન્સિલ દ્વારા અપાતા પ્રવેશ સિવાયના અભ્યાસક્રમો)ના આચાર્યશ્રીઓ, વડાશ્રીઓ, અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, ગાંધીનગર અને માન. કુલપતિશ્રીઓની તા.૦૬/૦૭/૨૦૨૪ ના રોજ યોજાયેલ ઓનલાઈન બેઠકમાં મળેલ સુચના મુજબ પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૦૭/૨૦૨૪ ના રોજ પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં (ACPC તથા અન્ય કાઉન્સિલ દ્વારા અપાતા પ્રવેશ સિવાયના અભ્યાસક્રમો) મંજુર થયેલ ઈન્ટેકની મર્યાદામાં જગ્યા ખાલી રહેતી હોય તો નીચે મુજબની વિગતે ઓફલાઈન પ્રવેશ આપવાની કાર્યવાહી વિભાગ/કોલેજ કક્ષાએથી કરવા આથી જણાવવામાં આવે છે.

**વિકેન્દ્રીકરણથી પ્રવેશ આપવા અંગે :–**

૧) યુનિવર્સિટી સંલગ્ન વિભાગ/કોલેજોમાં મંજૂર થયેલ ડીવીઝન/વિદ્યાર્થી સંખ્યાની મર્યાદામાં ખાલી રહેતી બેઠકો ઉપર નિયમો અનુસાર પ્રવેશ આપવાની કાર્યવાહી જે–તે સંસ્થા/વિભાગઓ પોતાના સ્તરેથી કરવાની રહેશે તથા પ્રવેશ પ્રક્રિયા અંગેની સંપૂર્ણ જવાબદારી જે–તે સંસ્થાના વડાશ્રી/આચાર્યશ્રીની રહેશે.

૨) યુનિવર્સિટી સંલગ્ન વિભાગ/કોલેજોમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–૨૫ માં વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના વિષય ફેરબદલ અંગેની નિયમોનુસારની કાર્યવાહી વિભાગ/કોલેજોએ તેમના સ્તરેથી કરવાની રહેશે તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે–તે વિભાગ/સંસ્થાના વડાશ્રી/ આચાર્યશ્રીની રહેશે.

૩) ઉપરોક્ત વિગતે વિભાગો/કોલેજો દ્વારા ઓફલાઈન પ્રવેશ અંગેની સંપૂર્ણ પ્રક્રિયા તા.૨૫/૦૭/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

૪) યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગો/કોલેજોએ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪–૨૫ દરમ્યાન ઓફલાઈન પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની તમામ માહિતી યુનિવર્સિટી દ્વારા GCAS/GIPL, ગાંધીનગર દ્વારા માંગવામાં આવે ત્યારે ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.

૫) રજીસ્ટ્રેશન ફી યુનિવર્સિટી/GCAS દ્વારા સુચવવામાં આવે તે ખાતામાં જમા કરાવવાની રહેશે.

**નોધઃ– જે વિદ્યાર્થી દ્વારા GCAS Portal પર રૂા.૩૦૦/– ફી જમા કરાવેલ હોય, તેવા વિદ્યાર્થીઓ પાસેથી રૂા.૩૦૦/– ફી વસુલવાની રહેશે નહી.**

(ડૉ. આર.એન.દેસાઈ)
કુલસચિવ

પત્રાંક એડમિશન સેલ/૧૬૬૧/૨૦૨૪
તા. ૧૬/૦૭/૨૦૨૪

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ વિભાગ/કોલેજોના તમામ આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ
ઘટતી કાર્યવાહી સારૂ

**નકલ રવાના : જાણ સારૂ..**

૧. માન. કુલપતિશ્રી, કુલપતિશ્રીનું કાર્યાલય હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૨. માન. કુલસચિવશ્રી, કુલસચિવશ્રી નું કાર્યાલય હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૩. એકેડેમીક શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૪. આંકાડાકીય શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૫. સિસ્ટમ એનાલીસ્ટ, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૬. મહેકમ શાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ.
૭. સબંધિત ફાઈલે.